# APPENDIX IV

## SCRIPT FOR BHAVAI AS MOTIVATIONAL PROGRAMME

# ભવાઈ

## "સૂર્યમિત્રનો વેશ"

કલાકાર : રંગલો ◆ જગદીશ પંચાલ / મેહુલ પારેખ
રંગલી ◆ હર્ષા પંચાલ / પારુલ પ્રેયસ મહેતા
વિદૂષક ◆ મેહુલ પારેખ / વિકાસ મહેતા

પ્રવક્તા : માધવીબેન

દિગ્દર્શક : શ્રીમતી માધવી પંડયા
શ્રી રાજુલ મહેતા

સંગીત : ભૂગળ ◆ ચંદ્રવદન ર. પટેલ/ચંદ્રકાન્ત છ. પટેલ
ભૂગળ ◆ રમેશ હ. ગાંધી
મંજીરા ◆ દક્ષેશ ચ. પટેલ
તબલા ◆ રમેશ ભટ્ટ

વિષય નિષ્ણાંત : શ્રીમતી કલ્પના આર. પરલીકર
શ્રીમતી માધવી પંડયા

ભવાઈ લેખન : શ્રીમતી કલ્પના આર. પરલીકર
શ્રીમતી માધવી પંડયા

સમય : ૨૫ મિનિટ

પોષાક : ઝંકાર ડ્રેસીસ

## "સૂર્યમિત્રનો વેશ"

### ભૂગળ

# પ્રાર્થના

આવો ને પધારો મારા દેવ,
ગણેશ દુંડાળા હો જી રે જી રે
કરીએ તમારી અમે સેવ
ગણેશ દુંડાળા હો જી રે જી રે.....
માતા નોરી પાર્વતી ને પિતા મહાદેવ
ગણેશ દુંડાળા હો જી રે જી રે.....
કરીએ તમારી.....
આવો ને.....
ગણેશ.....
ગજાનન મહારાજ કી જય.....
દુંદાળો દુઃખ ભજનો (૨) સજ્જદાય બાળે વેશ
પરથમ પહેલા સમરીએ, એજી ગૌરી પુત્ર ગણેશ..... એ સો તૈ તૈ
ગૌરી તારા પુત્રને (૨) સમરે છે સૌ લોગ,
દિવસે સમરે વિપ્ર વાણિયા અને રાત્રે સમરે ચોર જી રે એ.....
એ સો તૈ તૈ તા તા થૈ થૈ.....
રિધ્ધિ સિધ્ધિ છે જેની રાણી
રે વા'લો મારા દુંડાળો રે
તમે વિઘન હરોને મારા દેવ (૨)
વાલો મારો દુંડાળો (૨)
બોલો ગજાનન મહારાજકી જય,
તાક થૈયા થૈયા તા થૈ.....
(ભુગળ ..... મ્યુઝીક)

## દ્રશ્ય - પહેલું

રંગલો : આ હા હા હા ! ઓ રંગલી, આ વિદુષક ક્યાં ગયો ?

રંગલી : બોલાવ એને.

રંગલો : ઓ વિદુષક.....વિદુષક.

રંગલી : વિદુષક.....

રંગલો : રંગલી, આ સવારના પો'ર માં મીઠી નિંદરમાં રાચનાર વિદુષક, આજે એકાએક ક્યાં થઇ ગયો રફુચક્કર !

રંગલી : ધનચક્કર, રફુચક્કર, તો ચાલ આપણે પણ મારીએ એક ચક્કર.

(સંગીત - ભૂગળ)

રંગલો : રંગલી.....ઓ.....રંગલી. આ વિદુષક ક્યાં ગયો ?

રંગલી : અલ્યા રંગલા, આપણે પેલા માધવીબેન નહીં ???

રંગલો : કોણ ?

રંગલી : પેલા.....હવે.....પેલા ગ્રામસેવિકા બેન. આપણે જયારથી ગયેલા ત્યારથી આ વિદુષક થઇ ગયો છે ચકમ.

રંગલો : શું કહે છે રંગલી ! વિદુષક અને ચકમ ! ઓ હો..... તો તો એને શોધવો રહ્યો... સમજાવવો રહ્યો. જો વિદુષક ચકમ થઇ જશે તો પછી આપણા વેશનું શું થશે ?

રંગલી : રંગલા, ઓ રંગલા. ઊઠ, ઊભો થા મારા રોયા.

રંગલો : અરે શું છે પણ ?

રંગલી : ઓ. પે....લો રહ્યો વિદુષક.

રંગલો : ક્યાં છે ?

રંગલી : પેલો રહ્યો, પેલા તળાવ પર.

રંગલો : તળાવ પર ? આ સવારની ઠંડીમાં ? રંગલી.....

રંગલી : શું છે ?

રંગલો : મને એમ લાગે છે.....

રંગલી : શું લાગે છે ?

રંગલો : મને એમ લાગે છે કે વિદુષકની પાવલી ચસકી. ચાલ આપણે પણ જઇએ ફસકી.

રંગલી : અલ્યા રંગલા, એવું તે બોલાય ? વિદુષક તો આપણો મિત્ર છે.

વિદુષક : ના ના સૂર્ય આપણો મિત્ર છે. (પડદા પાછળથી)

વિદુષક : (પડદા પાછળથી)

આદિત્યસ્ય નમસ્કારમ્ યે કુર્વન્તિ દિને દિને .
જન્માન્ત સહસ્ત્રેષુ દારીદ્રમ્ ન ઉપજાયતે ..
આદિત્યમ્ ભાસ્કરમ્ ભાનું રવિમ્ સૂર્ય દિવાકરમ્ .
પ્રહષામી સ્મરને નિત્યમ્ મહાપાતક નાશનમ્ ..

રંગલો : ઓ બ્રાહ્મણ વિદુષક મહારાજ

રંગલી : તમારું શુભકાર્ય હવે પુરું થયું હોય તો પધારો રે.
આવે છે રે આવે છે,

પેલો બ્રાહ્મણ વિદુષક આવે છે. (૨)
નવા નવા આજ એ તો દિસે છે, (૨)
ભાઇ, બ્રાહ્મણ વિદુષક દિસે છે. ....... આવે છે રે......
(વિદુષક પ્રવેશે છે) (ભૂગળ સંગીત)

રંગલો : (વિદુષક તરફ વળીને)
કેમ બંધ થઇ અલ્યા તારી બક બક
કરતો રહેતો તું હંમેશ રકઝક
લ્યે બોલ હવે તુ કેમ હસે છે મરક મરક ?

રંગલી : અલ્યા આ બધી શી છે મજાક ?

વિદુષક : મજાક ? ના રે ના હું તો કરતો હતો સૂર્યદેવને નમન અને સ્તવન.
અરે મુર્ખાઓ, તેના આપણા પરના અગણિત ઉપકાર માટે આભાર માનવાની આ છે તક.

રંગલો : આભાર માનવાની તક ?

રંગલી : અને તે પણ સૂર્ય ભગવાનના ?

રંગલો : ઓ વિદુષક, વિદુષક ન જન્માવ શક, પેટ છુટી કર વાત.

રંગલી : અને ચાલ વેશ કરવાને થઇ જા ઝટપટ તૈયાર.

રંગલો : આજે તો થઇ ગઇ છે ખાસ્સી વાર.

રંગલી : સાથી સંગાથી સૌ જોતા હશે વાટ.

વિદુષક : અલ્યા રંગલા ને રંગલી.

રંગલો : શું છે બોલો ?

વિદુષક : આ તો છે વેશની જ વાત.

રંગલો-રંગલી : વેશની જ વાત ?

રંગલો : આ તો કેવી કોયડાની વાત, ચાલ પેટ છૂટી કર વાત.

રંગલી : વિદુષક, કેમ બદલાયો રાતો રાત ?

વિદુષક : બદલાયો ? હા...હા... (હસે છે)

રંગલો : એમાં હસવાનું શું ?

વિદુષક : બદલાયો ? અને હું ?

રંગલો : અરે પણ એમાં હસવાનું શું કારણ છે ?

વિદુષક : અરે રંગલા ને રંગલી, હું તો જરા...ય બદલાયો નથી.

રંગલો : જરાય બદલાયો નથી તો પછી આ તને થયું છે શું ? આ જાત જાતની વાતો કરી તું મનમાં પેદા કરે છે શક.

વિદુષક : બેશક,
પાછો આવ્યો છું હું જયારથી
જાણ્યો છે એક રાઝ ત્યારથી
છે સૂર્ય અમારો મિત્ર
જે મળી રહે સર્વત્ર !

રંગલો : વિદુષક, ઓ વિદુષક, આમ કોયડામાં ન કર વાત, આ સૂર્યમિત્ર ? આ રાઝ ? આ શું છે બધી વાત ?

વિદુષક : "રાઝ" ! એટલે રહસ્ય.
રંગલી : ઓ મા રે.... (રંગલાનાં કાનમાં)
અલ્યા રંગલા,
મને લાગે છે આ કંઇ જુદી વાત
ચાલ રે ચાલ ભાગી જઇએ આપણે સાથો સાથ
આ વિદુષક તો બદલાયો રાતો રાત
એ તો કરી રહ્યો છે ભેદભરમની વાત.
રંગલો : અરે વિદુષક, આજે સવારે સવારે કંઇ ચઢાવ્યું તો નથી ને ?
વિદુષક : હા.
રંગલો : જરા ધીમે બોલ, પેલો જમાદાર સાંભળશે તો બાવડુ ઝાલીને ઘાલી દેશે સળિયા પાછળ.
શું સમજયો ?
રંગલી : હેં, શું સમજયો ?
વિદુષક : બધુંય સમજયો ? કોઇ નહીં ઘાલે સળિયા પાછળ.
રંગલી : અને ઘાલી દેશે તો ? વિદુષક
શું થશે આપણા વેશના હાલ ?
રંગલો : અમે તો થઇ જઇશું બેહાલ
તું તો બચી જઇશ બાલ બાલ
હવે તો ડાહ્યો થઇને ચાલ.
(બેસી જાય છે)
રંગલી : મુર્ખા ડાહ્યો થઇને ચાલ.
(બેસી જાય છે)
વિદુષક : અલ્યા રંગલા રંગલી (હસીને) ગભરાવ છો શાના ? ઉભા થાવ (૨) સૌ સારા વાના થશે.
રંગલો-રંગલી : સારા વાના ? તું નશો કરે તને પોલીસ પકડે અને અમારા સારા વાના ?
અલ્યા ખરેખર તને શાનો આટલો બધો નશો ચઢ્યો છે ?
રંગલી : વિદુષક, ઓ વિદુષક, શાનો નશો...
વિદુષક : નશો, સૂર્ય ભગવાનનો નશો !
રંગલો-રંગલી : સૂર્ય ભગવાનનો નશો ? અરે મારા બાપ, હમણાં સુધી તો જાતજાતના
નશાની વાત સાંભળી છે.
રંગલો : ચરસ ગાંજાનો નશો.
રંગલી : દારુનો નશો અને
રંગલો : રુપનો નશો !! અહાહા.
રંગલી : ચલ ચલ હવે. વિદુષક બોલ આગળ બોલ.
વિદુષક : આ છે સૂર્ય ભગવાનના આપણા પર કરેલા અગણિત ઉપકારનો નશો. જો એ ભજવશો, તો
તમે જાણશો કે સૂર્ય છે આપણો મિત્ર, જે મળી રહે સર્વત્ર.
રંગલો : આ તારી વાત અમને તો કાંઇ સમજાતી નથી વિદુષક.
વિદુષક : તો ચાલો સમજાવું.
ચાલ રંગલા ચાલ રંગલી (૨)

સુલઝાવીએ એક પહેલી (૨)
સૂર્ય કેમ સૌનો છે મિત્ર ?
એ સમજાવીએ સૌને સર્વત્ર (૨) (ગોળ ફરવું)

રંગલો : હા વિદુષક હવે લાંબુ ટૂંકુ કર્યા વગર કહે જોઇ સૂર્ય આપણો કેવી રીતે મિત્ર ?

રંગલી : આ વિદુષકનું બળ્યું ન જાણ્યું ચરિત્ર, વાતો કરે છે ચિત્ર-વિચિત્ર.

વિદુષક : રંગલી, ઓ રંગલી હવે જરા સાંભળીશ
એમ ના કહીશ, એમ ના કહીશ
જયારે મારો ખુલાસો સાંભળીશ
તો તારા સમ, લાજી મરીશ
સમજી લાજી મરીશ.

રંગલી : બોલ જોઉ ? શું કહીશ ?
કેવી રીતે સમજાવીશ ?
જરા મને પણ બતાવીશ ?

વિદુષક : (ફાયદાઓ નં. ૧) હા હા કેમ નહિ ? જરુર, જો આપણે બાળકને ઉગતા સૂર્યના કિરણોમાં સ્નાન કરાવીએ તો બાળક તંદુરસ્ત બને છે આ કિરણોથી એના શરીરનો વિકાસ થાય છે. (રંગલો-રંગલી) અરે વાહ.....

અરે એટલું જ નહીં સૂર્યના કિરણોથી બરફ પીગળે, તેમાંથી પાણીની વરાળ થાય પાણીની નદીઓ થાય અને તેનાથી વર્ષાનું આગમન પણ થાય છે.

રંગલો : બરાબર છે, વિદુષકની વાતો ખરેખર સાચી છે.

વિદુષક : આગળ સાંભળો

વરસાદના કારણે ધરતી પોતાનો અનાજરુપી ભંડાર ખોલે છે. લોક હૈયું તેથી ડોલી ઉઠે છે. લોકો ખુશી આનંદમાં ગાય છે નાચે છે. (રંગલો-રંગલી વિદુષકના ચાળા પાડતા) હવે આગળ સાંભળો.

નં. ૪

સૂર્યના કિરણથી અનાજને સુકવી શકાય છે. અનાજ ઉગાડી શકાય છે. અનાજને આપણે સંભાળી પણ શકીએ છીએ. સાચવી પણ શકીએ. બોલો હવે આથી વિશેષ તમને સૂર્યકિરણના ફાયદા શું સમજાવવા ? મારા રંગલા રાજા અને રંગલી રાણી.

રંગલો : અને રંગલી રાણી

રંગલી : બોલ્યો મોટો, મારા રંગલા રાજા ને રંગલી રાણી.... અલ્યા વેવલીના એ તો બધું જાણે ઠીક છે. તેથી શું સૂર્ય આપણો મિત્ર થઇ જાય છે ? બધી વાતો તો વર્ષોથી જાણીતી છે અને થતી આવી છે. પણ આજે તો,
નવો જમાનો, નવી રહેણી
બોલ વિદુષક નવી કહાણી
વાતો કરે તું શાંણી શાંણી
હવે ના રાખીશ વાત છાની
તાક થૈયા થૈયા...(ગોળ ફરવું) (ભૂંગળ)

વિદુષક : બરાબર છે રંગલી, તારી વાત બરાબર છે.

## દ્રશ્ય - ૨

રંગલી : ઓ હો વિદુષક તારું પેલું ક્યું કેન્દ્ર ? આ વિજ્ઞાન કેન્દ્ર તારું બહુ દૂર.
વિદુષક : દૂર તો દૂર આપણે ત્યાં આ વિજ્ઞાન કેન્દ્રો છે ક્યાં ?
રંગલી : છે તે છે હવે શોધ ને ક્યાં છે ને (મળતાજ હસે છે)
રંગલો : કેડમાં છોકરું ને ગામમાં શોધીએ છીએ.
વિદુષક : આજે આટલા વર્ષે તેં પહેલીવાર બુધ્ધિપૂર્વક સવાલ કર્યો છે.
રંગલી : શું કહે છે ?
વિદુષક : કાંઇ નહી આ તો......રંગલી સૂર્યકિરણનો આધુનિક જીવનમાં થતો ઉપયોગ સમજવો જ રહ્યો. ચાલ ત્યારે.
વિદુષક : અમે જાણીએ, તમે જાણશો.
જ્ઞાન તમે આ જરુર વિકસાવશો.
રંગલો-રંગલી : એમા લાભ છે તમારો અમારો.
ચાલો જાણીએ સૂર્ય કેવો સહારો.
રંગલો : અરે, વિદુષક, આ માહિતી ક્યાંથી મળે ?
વિદુષક : ચાલ રંગલા, ચાલ રંગલી, ચાલો આપણે સૌ માધવીબેન પાસે જઇએ.
રંગલો : માધવીબેન પાસે ? હા ચાલ ચાલ જલદી જઇએ તે આપણને સરસ માહિતી આપશે જે વેશ દ્વારા આપણે આપણા મિત્રોને સમજાવીશું ખરું ને.......
વિદુષક : જાણીશું અને જણાવીશું
રંગલો : જનતાને સમજાવીશું
રંગલી : તેથી મળશે નવતર જ્ઞાન
સાંભળતા થાશે સૌનું કલ્યાણ.
તાક થૈયા થૈયા તાક થૈ....(ગોળ ફરવું)
રંગલી : શું છે વળી ? બોલાવને માધવીબેનને.
વિદુષક : તો તું બોલાવને ? હજી આવ્યા લાગતા નથી, આવશે હમણાં આવશે લ્યે નિરાંતે બેસ.
રંગલી : બેસ વાળી, મારી પાસે આવો "ટેમ" નથી.
રંગલો : "ટેમ" નથી બહુ કામ કરવાવાળી ના જોઇ હોય તે.
રંગલી : તે જોઇલે. હા, રંગલા, તને હાચું કહું આ વિદુષકના કહેવાથી આપણે અહિંયા આવ્યા તે ત્યાં ખાવાનું તારી કઇ "સગલી" કરશે ?
રંગલો : હું કહ્યું ? બોલ ફરી.
રંગલી : હા, હા ઘેર ખાવાનું કોણ તારી "સગલી" કરશે, ઘેર પોંચતા તો તારું શરુ થઇ જશે, "રંગલી જમવાનું ક્યાં છે ? આ પેટમાં તો મારા બાપ ઉંદર દોડે છે." ખાવાનું તો કાંઇ એમ થવાનું છે ?
ઘેર જઇશું, ચુલ્હો સળગાવીશું ખિચડી મુકીશું. ખિચડી ચઢશે ત્યારે ખાવાનું મળશે આમ હું અહીંયા અને રસોઇ ત્યાં થતી હશે ?
માધવીબેન : (એક અવાજ આવે છે) કેમ નહી ?
રંગલો, રંગલી-વિદુષક : (આમ તેમ જોતા) આ કોણ બોલ્યું ?
માધવીબેન : એ તો હું બોલી.

વિદુષક, રંગલો-રંગલી : ઓહ, અમને તો એમ કે.....
માધવીબેન : કોઇ ભૂત હશે એમ ને ?
રંગલી : એ તો એમ છે ને કે સવારથી આ વિદુષક કંઇ ભેદભરમની વાતો કરતો હતો જરાક.....
વિદુષક : હા માધવીબેન આ તે દિવસ તમે કાંઇ સૂર્યમિત્ર વિશે વાતો કરતા હતા તે ?.....
માધવીબેન : હા એટલે જ તો મેં હમણાં ના કહ્યું કે તમે અહીંયા અને રસોઇ ત્યાં ઘેર થઇ શકે. ચાલો એ જ તમને સમજાવું "રહસ્ય".
રંગલો-રંગલી : પાછું રહસ્ય ? આ બધું શું છે ? વિદુષક.

અમે રહ્યા માનવીઓ સાદા
વેશ ભજવીએ સાદા સારા
અમે ન જાણીએ ભેદની ભાષા
રહસ્ય જાણવાની છે અભિલાષા...ભઇ છે અભિલાષા
તાક થૈયા થૈયા તાક થૈ.....

માધવીબેન : તો સાંભળો "સૂર્યમિત્ર" ના રહસ્યની વાત.
બધાય સાથે : સૂર્યમિત્રના રહસ્યની વાત.
માધવીબેન : કહો જોઇએ આજ સુધી આપણે સૂર્યકિરણનો ઉપયોગ શાને માટે કરતાં હતાં ?
રંગલી : કપડાં વાસણ સુકવવા.
વડી, પાપડ, કાતરી સુકવવા. તો ક્યારેક વળી છુંદો, મુરબ્બો ને કટકી કેરી બનાવવા.
માધવીબેન : હં, પણ હવે સૂર્યકિરણનો ઉપયોગ આપણે રસોઇ બનાવવા માટે પણ કરી શકીએ છીએ.
રંગલી : ખાઓ મારા સમ, હાચ્ચું કેજો હોં ?
માધવીબેન : તમારા સમ, ચાલો તમને બતાવું કે સૂર્યકિરણથી રસોઇ કેમ થાય ?
રંગલી : ચાલો ત્યારે.
માધવીબેન : ઓ રંગલાભાઇ ઓ વિદુષક ચાલો ચાલો આવી રસોઇ તો તમારાથી પણ થાય.
વિદુષક-રંગલો : એમ અમારાથી ?
રંગલી : હોવે, ચાલ હવે.
રંગલો : વિદુષકને, હાલ ત્યારે.
(બધા પાછળ વાડામાં જાય છે. માધવીબેન, (નિર્દેશક) સૂર્યકૂકરનો પ્રકાર અને તેનો ઉપયોગ સમજાવે છે.)
વિદુષક : જોયું હું નહતો કહેતો કે સૂર્ય અમારો મિત્ર. કેમ હવે વિશ્વાસ થયો ને રંગલી ?
રંગલી : હા એ બધું તો ઠીક પણ આ સૂર્યકૂકર મેળવી કેવી રીતે શકાય ?
રંગલો : એને મેળવવું કેવી રીતે.
માધવીબેન : અરે એનો તો સાવ સહેલો ઉપાય છે.
વડોદરાની "ગુજરાત ઉર્જા વિકાસ સમિતિ" ને લખો, તો તે તમને સહેલાઇથી મળી શકે છે.
રંગલી : પણ માધવીબેન, તેનું સરનામું તો આપો.
માધવીબેન : સરનામું :-

ગુજરાત ઉર્જા વિકાસ સમિતિ
બી.એન. ચેમ્બર્સ
આર.સી. દત્ત રોડ
વડોદરા-૩૯૦ ૦૦૫
ગુજરાત.

વિદુષક : પણ માધવીબેન એટલે દૂર કોણ જાય ?

રંગલો : હા કોણ જાય ?

માધવીબેન : એનો પણ સાવ સહેલો રસ્તો છે. તમે તમારા તાલુકામાં "તાલુકા વિકાસ અધિકારી" નો સંપર્ક સાધી તેના વિષેની સંપૂર્ણ માહિતી મેળવી શકો છો. સૂર્યકૂકર પણ મેળવી શકો છે.

રંગલી : હા, એ સાચું પણ માધવીબેન, આ સૂર્યકૂકરનો એક જ નમૂનો ગામડાના બધાય કુટુંબોને તો જાણે......

માધવીબેન : સમજી ગઇ તમારી વાત. આ તો એક નમૂનો છે. એવા તો અનેક નમૂનાઓ છે. નાના, મોટાં, હેરવી ફેરવી શકાય તેવા, જમીનમાં દાટીને મુકાય તેવા, અગાશીમાં રખાય તેવાં, એવા જાત જાતનાં ભાત ભાતનાં આ કૂકર.

રંગલી : પણ આ કૂકર કોઇને વેચાતું લેવું હોય, પણ ન પોષાય તેમ હોય તો ?

માધવીબેન : તેથી શું થઇ ગયું ? આપણા તેલનાં કે ઘાસલેટનાં ડબ્બાને કાપીને પણ બનાવી શકાય છે.

રંગલો : શું વાત કરો છો ?

રંગલો : આભાર માધવીબેન, તમારો અને વિદુષકનો. તમે અમને બંનેને આ સૂર્યકૂકરથી થતાં ફાયદાઓ અંગેનું જ્ઞાન આપ્યું તે બદલ ફરીથી એક વાર આભાર. આ અમે અમારા વેશ દ્વારા લોકોને સમજાવીશું.

રંગલી : માધવીબેને તો આ જ્ઞાન આપણને એકલાને જ નહીં પણ આ સૌને આપ્યું છે, સાચે જ.

વિદુષક : વાત તમારી તદ્દન સાચી.

રંગલો-રંગલી : સૌ જાણી ને થાશે રાજી....(૨)
સૂર્યકિરણનો મહિમા ભારે
સૂર્યકૂકર તો જીવન સુધારે....(૨)

રંગલી-રંગલો-વિદુષક : દાળ ભાત કઠોળ ને શાક....(૨)
સૌ રંધાશે સાથો સાથ
ના ખટપટ છે બળતણની....(૨)
ના મેશ, ખાંસી ઉધરસની.

રંગલો-રંગલી-વિદુષક : સૂર્યકૂકર આજે જ વસાવો....(૨)
સૂર્યમિત્રને આજે જ વધાવો
સહુના સારા વાના થાશે,
જયારે સહુને આ સમજાશે.
તા થૈયા થૈયા તા થૈ....(ભૂંગળ)

રંગલો,...... રંગલી,........ વિદુષક..........

: સમાપ્ત :